**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૬/૮/૨૦૧૫ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૬૫૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૨૯૦ લીટર દેશી દારૂ, ૨૫૯ બોટલ ઇગ્લીશ દારૂ, ૧૬૮ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૯ વ્યક્તિઓની અટકાયત કરી રૂપિયા ૧,૮૪,૧૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૬૫૮/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૬૫૯/૧૫</u>**

**કાલુપુરઃ** કમલેશભાઈ સુંદરલાલ ચાવલા (રહે.આંબાવાડી સરદારનગર) એ તા.૧૫/૮/૧૫ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે એક માસ અગાઉથી તા.૧૫/૮/૧૫ બપોરના ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન કાલુપુર કોટની રાંગ વોરા ગલીમાં આવેલ પોતાની તલરેજા નામની દુકાનના દરવાજાનુ તાળુ ડુપ્લીકેટ ચાવીથી ખોલી અજાણી વ્યક્તિ દુકાનમાંથી ૩૦૦૦ મીટર લમ્પ કિમત રૂપિયા ૭૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ ડી ઉપાધ્યાય ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૬૬૦/૧૫</u>**

**શાહીબાગઃ** મુકેશભાઇ માવજીભાઇ પટણી (રહે.કડીયાનીચાલી સંતોષીમાતાના મંદીરની પાછળ શાહીબાગ) એ તા.૧૩/૭/૧૫ રાતના ૮/૦૦ વાગે શાહીબાગ કડીયાની ચાલી સંતોષીમાતાના મંદીર પાછળ પોતાની ઓટોરીક્ષા નંબર જીજે ૧ સીઝેડ ૮૭૧૭ કિમત રૂપિયા ૬૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી એક કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ મુકેશભાઈ ચાવલાએ તા.૧૫/૮/૧૫ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ એ પટેલ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૬૬૧/૧૫</u>**

**સરખેજઃ** તા.૧૫/૮/૧૫ બપોરના ૩/૪૦ વાગ્યાના સુમારે ઉજાલાબ્રીજ પાસે સાગર હોટલ સામેથી આઈસર ગાડી નંબર જીજે ૨૩ વી ૫૭૪૬ ના ચાલકે પુર ઝડપે અને બેદરકારીથી આઈસર ગાડી ચલાવી અજાણ્યા પુરૂષને ટક્કર મારતા અજાણ્યા પુરૂષને ગંભીર ઈજાઓ થતા તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સરખેજ પોલીસે આઈસર ગાડીના ચાલક વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી એસ ઈસરાણી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**કૃષ્ણનગરઃ** રમેશભાઈ કુદન્દાસ વાલેચા (રહે.જી વોર્ડ સર્કલ કુબેરનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૧૫/૮/૧૫ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે નેશનલ હાઈવે નંબર-૮ ધનલક્ષ્મી ફર્નિચર સામેથી એકટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે બસ નંબર જીજે ૧૮ વાય ૯૨૧૮ ઓવરટેક કરતા કોઈએ બસનો દરવાજો ખોલી દેતા રમેશભાઈ અને એક્ટીવા પાછળ બેઠેલ વિજયભાઈ રોડ ઉપર પટકાઈ ગયા હતા. વિજયભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ વિજયભાઈને મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ એસ અસારી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૬૨/૧૫**

**શહેરકોટડાઃ** દક્ષાબહેન ગંગારામ વોરા (ઉ.વ.૩૨) (રહે.આંબેડકરનગર ઓમકાર ફેક્ટરી પાસે મેમ્કો) એ કોઈ કારણસર તા.૧૪/૮/૧૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે કાકડીયા હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧૫/૮/૧૫ રાતના ૯/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિહ રતનસિહ ચલાવે છે.

**બાપુનગરઃ (૧)** યશવંતભાઈ ભગવતીલાલ જૈન (ઉ.વ.૪૩) (રહે.વાડીલાલ પાર્ક ઈન્ડીકા લેબ સામે બાપુનગર) એ કોઈ કારણસર તા.૧૩/૮/૧૫ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે શરીરે કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તપન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧૫/૮/૧૫ કલાક ૦૦/૧૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીતેન્દ્રકુમાર તખતદાન ચલાવે છે.

**(૨)** પારૂલબહેન રવિકુમાર જોશી (ઉ.વ.૩૦) (રહે.પ્રતિક ટેનામેન્ટ ગ્રીન ફ્લેટ સામે બાપુનગર) એ કોઈ કારણસર તા.૧૩/૮/૧૫ સવારના ૧૦/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ કે ડીવીજન મદદનીશ પોલીસ કમિશનર શ્રી કે કે પંડ્યા ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૧૬૬૩/૧૫**

| | |
|---|---|
| **નિકોલઃ** પાયલબહેન ઉર્ફે ગોપી પ્રવિણભાઈ મકવાણા (ઉ.વ.૨૧)(રહે.શ્રીધર ફ્લોરા નિકોલ) તા.૫/૮/૧૫ કલાક ૮/૦૦ વાગ્યાથી ગુમ થયા છે. પાતળા બાંધાના અને શ્યામવર્ણા છે. દુધીયા રંગનુ ટી-શર્ટ અને કાળા રંગનો પાયજામો પહેર્યો છે. કાનની પાછળના ભાગે જુનુ વાગેલાનુ નિશાન છે. ઉંચાઇ ૫ ફુટ ૩ ઇંચ છે. (નિકોલ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૯૨૯૨૬૪૬) |  |
| **આનંદનગરઃ** રંજનબહેન વિજયભાઈ રાવળ (ઉ.વ.૨૨)(રહે.રોયલ એક્સપ્રેસની પાર્કીંગમાં એસ જી હાઈવે સેટેલાઈટ) તા.૩/૮/૧૫ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારેથી ગુમ થયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. કેસરી રંગનુ ટોપ અને સફેદ રંગની લહેગી પહેરી છે. ઉંચાઈ ૫ ફુટ ૧ ઈંચ છે. (આનંદનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૭૬૨૨૫૦) |  |



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

| | |
|---|---|
| **રખિયાલ :** સોનુ ઉર્ફે લકી હસરથખાન પઠાણ (ઉ.વ.૧૧)(રહે.અર્બનનગર મોરારજ ચોક પાસે રખીયાલ) તા.૬/૮/૧૫ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે ઘરેથી ક્યાં ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને શ્યામવર્ણા છે. લીલા રંગની ટી-શર્ટ અને વાદળી રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. નાક ઉપર તેમજ કપાળના ભાગે જુનુ વાગેલાન નિશાન છે. ઉંચાઈ ૩ ફુટ ૫ ઈંચ છે.( રખિયાલ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબ ૨૨૭૪૩૬૦૯) |  |
| **વટવાઃ** ચંદ્રીકાબહેન દિનેશભાઈ વાઘેલા (ઉ.વ.૨૮) (રહે.આકૃતિ ટાઉનશીપ એપાર્ટમેન્ નારોલ) તા.૬/૮/૧૫ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારેથી ગુમ થયા છે. મધ્યમ બાંધાના અને રંગે ગોરા છે. લીલા રંગની સાડી પહેરી છે. દાઢીના ભાગે છુંદણાથી ટપકુ કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ ૩ ઈંચ છે.( વટવા પોલીસ સ્ટેશન નંબ ૨૫૭૧૦૦૭૪) |  |
| **વટવાઃ** સંજય સુરેશપ્રસાદ સાઉ (ઉ.વ.૨૦)(રહે.ધ્રુવનગર સોસાયટી શ્રીંદાલ કંપનીન બાજુમાં નારોલ વટવા) તા.૨૦/૭/૧૫ બપોરના સમયથી ગુમ છે. પાતળા બાંધાન અને શ્યામવર્ણા છે. પેન્ટ-શર્ટ પહેર્યા છે. જમના હાથની કલાઈ ઉપર જુનુ વાગેલાન નિશાન છે. ઉંચાઈ ૫ ફુટ છે. (વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |
| **કૃષ્ણનગરઃ** દીલીપભાઈ ચંદુભાઈ સવનિયા (ઉ.વ.૩૦) (રહે.મુરલીધર સોસાયટ કઠવાડા રોડ નરોડા) તા.૨૯/૭/૧૫ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારેથી ગુમ થયા છે પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. ક્રીમ રંગનુ શર્ટ અને વાદળી રંગનો લહેંગો પહેર્ય છે. ઉંચાઈ ૫ ફુટ ૪ ઈંચ છે.( કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૨૧૪૫૧) |  |
| **વેજલપુરઃ** ગીતાબહેન સતિષભાઈ જૈન (ઉ.વ.૩૪)(રહે.સ્વસ્તિક એપાર્ટમેન્ટ શ્રેયસ સોસાયટી સામે વાસણા વેજલપુર) તા.૩/૫/૧૫ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને શ્યામવર્ણા છે. લાલ રંગની સાદી પહેરી છે. ઉંચાઈ ૫ ફુટ ૪ ઈંચ છે.(વેજલપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૧૦૬૧૪) |  |
| **રામોલઃ** નિરજકુમાર ભુપસિહ પાલ (ઉ.વ.૨૯)(રહે.વ્રજભુમિ પાર્ક સોસાયટી કેનાલ રો વસ્ત્રાલ) તા.૩૧/૭/૧૫ કલાક ૬/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્ય ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. જાંબલી રંગનુ શર્ટ અને ક્રિમ રંગનુ પેન્ પહેર્યુ છે. ઉંચાઇ ૫ ફુટ ૬ ઇંચ છે. (રામોલ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબ ૨૫૮૫૦૩૦૦) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)